સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade A by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,
યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એકસ ) ૨૧૪


નં જોડાણ/૫/ 830 /૨૦૧૯

તા. 6 -૫-૨૦૧૯

સંદર્ભ :- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી , ગાંધીનગરના તા. ૨૩-૬-૨૦૧૫ ના પત્ર ક્રમાંક : સીએચઈ/યુનિ/૬૬૦૨-૨૭/૨૦૧૫

પરિપત્ર :-

આથી યુનિવર્સિટી સલંગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે જે અભ્યાક્રમો માટે મધ્યસ્થ પ્રવેશ સમિતિની રચના થયેલ હોય તે સિવાયના તમામ અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે વિદ્યાર્થીઓના ઓન-લાઈન પ્રવેશની પ્રક્રિયા કોલેજ કક્ષાએથી જ કરવાની રહેશે. તેમજ વિદ્યાર્થીઓના પ્રવેશ આપવામાં આવે ત્યારે પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓની સંખ્યા અને અનામત નીતિ નક્કી કરવામાં આવેલ છે તે અનુસાર જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. તેમજ સરકારશ્રી અને યુનિવર્સિટી દ્વારા વખતો વખત જે વિગતો અને માહિતી મંગાવવામાં આવે તે રજૂ કરવાની રહેશે.સરકારશ્રી અને યુનિવર્સિટી દ્વારા અનામત અંગે કરેલ જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે ત્યારબાદ જ એનરોલમેન્ટ સ્વીકારવામાં આવશે.

વધુમાં સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની મંજૂરી થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે, વધારાના આપેલ વિદ્યાર્થી પ્રવેશના એનરોલમેન્ટ સ્વીકારવામાં આવશે નહિ અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી સંચાલકશ્રી/આચાર્યશ્રીઓની રહેશે, સદરહુ બાબતે સંદર્ભિત પત્રથી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

અત્રે યુનિવર્સિટી દ્વારા ઓન-લાઈન પ્રવેશ પ્રક્રિયા માટે સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. જે માટેના યુઝર આઈ.ડી. તથા પાસવર્ડ જે તે કોલેજના આચાર્યશ્રીને ટેક્સ્ટ મેસેજ દ્વારા મોકલી આપવામાં આવશે. સદર યુઝર આઈ.ડી. તથા પાસવર્ડનો ઉપયોગ કરી અત્રેની યુનિવર્સિટીની વેબસાઈટ admission.saurashtrauniversity.edu પર લોગીન થવાનું રહેશે. ઓન-લાઈન એડમિશન પ્રક્રિયા માટે આચાર્યશ્રીને કોઇપણ પ્રકારની પૂછપરછ, મદદની જરૂર જણાય તો હેલ્પલાઈન નંબર 8000039390 પર સંપર્ક કરી શકશે અથવા ઈ-મેઈલ આઈ.ડી. sauadmission2019@gmail.com પર માર્ગદર્શન મેળવી શકશે.

કુલસચિવ

બિડાણ :- સંદર્ભિત પત્ર

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

૨. પરિક્ષા નિયામકશ્રી, પરિક્ષા વિભાગ , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)

K pariptr 19 15